## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અસહિષ્ણુતા પર ભાષણ આપતા પહેલા... ગુજરાતીનાં પ્રોફેસરને પુછીને... ક્લીયર કરજો... કે... સહિષ્ણુતા હોવી એ સારી કે પછી અસહિષ્ણુતા સારી...!!

# રહેણાંક વિસ્તારમાં નિર્માણ પામેલ કોમર્શીયલ બાંધકામ હટાવવાની નોટીસોથી ભારે દોડધામ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં રહેણાંક પ્લોટો પર ઉભા થયેલ કોમર્શિયલ બાંધકામોને દૂર કરવા માટે મહાનગરપાલિકા તંત્રએ આપેલી નોટીસને પગલે સંબંધિત વેપારીઓમાં દોડધામ મચી ગઈ છે. શહેરમાં રહેમરાહે તથા હરાજીથી ફાળવાયેલ પ્લોટો માટે અલગ પરિણામ જરૂરી હોવાનું જણાવતા વેપારીઓએ અન્ય શહેરોની જેમ નિયત ઈમ્પેક્ટ ફી ચુકવવા માટેની તૈયારી પણ દર્શાવી છે.

પાટનગર તરીકે ગાંધીનગર શહેરના નિર્માણ સમયે રહેણાંકના પ્લોટ ચોક્કસ નિયમોના પાલનની સ્વીકૃતિ સાથે ફાળવવામાં આવ્યા હતા. પરંતુ સમયાંતરે શહેરના વિસ્તાર અને વસ્તીના વિકાસ સાથે વ્યાપારિક સુવિધાઓ માટે જરૂરી એવા વાણિજ્યક હેતુ માટે જરૂરી પ્લોટોની હરાજીની પ્રક્રિયા જે તે સમયે સરકાર તરફથી ન થતાં રહેણાંકના પ્લોટો પર થયેલ બાંધકામના સ્થળેજ વેપારધંધા કરવાની ફરજ હતી. શહેરના મોટાભાગના વિસ્તારોમાં રેહણાંકના પ્લોટસ પર આ સ્થિતિનું નિર્માણ થયું છે. જેમાં ચા-નાસ્તાથી લઈ બેન્કો-દવાખાના, શૈક્ષણિક વર્ગો અને વિવિધ વ્યાપારી પેઢીઓ કાર્યરત છે. વર્ષોથી આ સ્થળોએ સેંકડો વેપારીઓ વ્યાપારધંધા દ્વારા રોજગાર ચલાવી રહ્યા છે. આ બાંધકામો અંગે અગાઉ વિવાદો સર્જાતા વેપારીઓ દ્વારા મનપા, શહેરી વિકાસ સત્તામંડળથી લઈ સંબંધિત વિભાગોના મંત્રીઓ-અધિકારીઓ, વિરોધપક્ષના નેતા અને છેક મુખ્યમંત્રી સુધી આવેદનપત્રો દ્વારાલેખિત અને મૌખિક અનેક રજૂઆતો કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગત વિધાનસભાની ચૂંટણી સમયે વર્તમાન શાસકપક્ષ તરફથી આ સંદર્ભે હકારાત્મક બાંહેધરી આપી, ચૂંટણી બાદ અમલની ખાતરી આપવામાં આવી હતી. નોંધનીય બાબત એ પણ છે કે, જે તે સમયે સરકાર દ્વારા રોડ નં. ૫ અને ૬ વગેરેને કોમર્શિયલ જાહેર કરવામાં આવ્યા હતા. તેનો પણ અમલ થઈ શક્યો નથી.

મનપાની જડાહેર નોટિસથી દ્વિધામાં મુકાયેલા વેપારીઓએ રહેમરાહ અને હરાજીથી ફાળવાયેલ પ્લોટો માટે અલગ પરિમાણ રાખવાનું સુચન કરતાં જણાવ્યું છે કે તેઓ ઈમ્પેક્ટ ફી ભરવા માટે પણ તૈયાર છે. પરંતુ વિધાનસભામાં ઈમ્પેક્ટ ફી બાબતનો ખરડો પસાર કરવાની પ્રક્રિયામાં પાટનગર ગાંધીનગરને જ અકળ કારણોસર બાકાત રાખીને રાજ્ય સરકારે વેપારીઓને સમાન નાગરિક હક્કથી વંચિત રાખ્યા છે. જેનો ભોગ આજે વિના વાંકે ગાંધીનગરના વેપારીઓએ બનવું પડ્યું છે. અહીં એ બાબત પણ નોંધવી ઘટે કે ગેરકાયદે અથવા હેતુફેર બાંધકામને ઈમ્પેક્ટ ફી ભરીને નિયમિત કરવા અંગેના ધી ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ-૨૦૧૧ના આ કાયદા સંદર્ભે ગુડા તરફથી જાહેરાત કરીને અરજીઓ મંગાવવામાં આવી હતી અને એ પછી કોઈ નક્કર કારણ દર્શાવ્યા વિના જ રદ કરી દેવામાં આવી હતી. અન્ય શહેરોમાં ઈમ્પેક્ટ ફીના અમલને કારણે આ સમસ્યાનો હલ આવી સ્થિતિ સામાન્ય બની છે ત્યારે ઈમ્પેક્ટ ફી થી વંચિત રખાયેલા ગાંધીનગરમાં આજે સેંકડો પરિવારોની રોજગારી ઝુંટવાઈ જવાની કપરી સ્થિતિનું નિર્માણ થયું છે. અસરકર્તા વેપારીઓએ સામુહિક હિતમાં આ દિશામાં માનવતાના ધોરણે યોગ્ય કાર્યવાહી થાય એવી લાગણી વ્યક્ત કરી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ગઈકાલ રાતથી ઠંડીનો માહોલ જામ્યો છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડતા ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયો પર મોડી રાત્રે ગોટાની જયાફતો જામતી જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ આજે ઉમેદવારોએ રોડ શૉ યોજ્યા હતા.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઠંડીનો માહોલ પકડાતાં ગરમ વસ્ત્રો લોકોએ ધારણ કરવાનો આરંભ કર્યો
- શિયાળાના વસાણા હજુ બજારમાં બહુ દેખાયા નથી.
- શહેરના શાક-બજારમાં લીલા શાકભાજીની આવક વ્યાપક થવા લાગી છે.
- ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં ઓ.પી.ડી.ના કેસોની સંખ્યામાં વ્યાપક ઘટાડો જોવા મળી રહ્યો છે.

## કોંગ્રેસે હારનું ઠીકરૂ ફોડવા મુદ્દા શોધી રહી છે : જાડેજા

પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજાએ જણાવ્યુંહતુંકે, ૨૯ નવેમ્બરે યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના બીજા તબક્કામાં પ્રચારના અંતિમ દિવસે કોંગ્રેસને જ્ઞાન લાધ્યું છે. કોંગ્રેસ છેલ્લા ૧૫ દિવસમાં રોજ જુદા જુદા મુદ્દાઓ શોધવાનો નિરર્થક પ્રયાસ કરી રહી છે. જાડેજાએ જણાવ્યું હતું કે, વોટબેંકની રાજનિતી જેમની ઓળખ છે તેવી કોંગ્રેસે આઝાદી પછી રાજયની અને દેશની પ્રજાના સુરાજયના સ્વપ્નાને જ્ઞાતિવાદી રાજકારણ અને વોટબેંકની રમતમાં છીન્નભિન્ન કરી નાખ્યા.

# નકામો પૂજાપો ઠાલવી નદી નહેર અપવિત્ર કરાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૭

**હોમ-હવન-પૂજા પત્યા બાદ વધેલા કચરાનો નદી નાળામાં જ નિકાલ કરવાની ગેરમાન્યતા જળસ્ત્રોતોને પ્રદૂષિત કરાય છે**

આગામી દિવસોમાં દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રપતિના સ્વાગત માટે તૈયારીઓ આરંભી દેવાઈ છે. જેમાં એરપોર્ટથી લઈને રાજભવન સુધીના માર્ગે આવતા તમામ વિસ્તારોનું સુશોભિત કરવામાં આવી રહ્યાં છે. જો કે આ માર્ગે આવતી સાબરમતી નદી તથા નર્મદા કેનાલમાં પ્રદૂષિત કચરો વાસ્તવિકતાની ચાડી ખાઈ રહ્યો છે. ધાર્મિક હોમહવન તથા વિધિ-પૂજા વગેરે પતાવ્યા પછી એકઠા થયેલા કચરાને માત્ર નદીમાં જ પધરાવાય તેવી અંધ-શ્રદ્ધાના પગલે નાગરિકો દરરોજ આ પ્રકારનો નકામો પૂજાપો નદી અને નહેરમાં ઠાલવી પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન કરવાની સાથે સાથે જળસ્ત્રોતોને પ્રદૂષિત કરવાનું દુષ્કર્મ કરી રહ્યાં છે.

ગાંધીનગરથી એરપોર્ટ તરફના માર્ગે ભાટ ગામ પાસેથી પસાર થતી નર્મદા નહેરના પૂલ પરથી તથા સુઘડ પાસેના પુલ પરથી ધાર્મિક અંધશ્રદ્ધાળુઓ દ્વારા બેરોકટોક કચરો ઠલવાઈ રહ્યો છે. આ કચરામાં પ્લાસ્ટીકની થેલીઓ, નાડાછડી, શ્રીફળ, ચુંદડી, અબીલ-ગુલાલ સહિત અનેક ચીજવસ્તુઓ સુરક્ષા જાળી તોડીને પણ નહેરમાં નાંખી રહ્યા છે. આ જ પરિસ્થિતિ સાબરમતી નદીના પુલ પરથી જોવા મળી રહી છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અનેકવાર આ બાબત અંગે જાગૃતિ વિષયક અભિયાનો ચલાવવા તથા જાહેરાતો કરાવવા છતાંય હજુ પણ આ પ્રકારની ગેરમાન્યતા અંધશ્રદ્ધાળુઓના માનસમાંથી હટવાનું નામ નથી લેતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

## જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીમાં પ્રજા ભાજપને ભૂંડી રીતે હરાવશે : શંકરસિંહ

રાજ્યમાં જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીમાં પ્રજા કચકચાવીને ભાજપ વિરોધી મતદાન કરશે અને ભાજપનો ભૂંડી રીતે પરાજય થશે એમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

આજે અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્ય સરકાર ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ભાજપ સરકાર અધિકારીઓના દૂરપયોગથી વહીવટ કરી રહ્યું છે. ભાજપ સરકાર હાર જોઈ ગઈ છે એટલે જાહેરાતના માધ્યમથી મત લેવા કોશીષ કરી રહી હોવાનો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની વર્તમાન ભાજપ સરકારના ભ્રષ્ટાચાર અને એન્ટીઈન્કબસીને લઈ લોકો કચકચાવીને મતદાન કરી પ્રજા ભાજપનો વારો કાઢશે.



તાજેતરમાં કાનૂની સત્તા સેવામંડળ અને પેરાલીગલ વોલન્ટર્સના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રના બંધારણ દિવસ નિમિત્તે મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે કાનૂની શિબિર યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં પેરાલીગલ વોલેન્ટર્સ જયરામભાઈ સોની, સીતારામભાઈ પટેલ અને નટુભાઈ પટેલ દ્વારા પ્રશ્નોત્તરીરૂપે વિસ્તૃત માહિતી તેમજ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ચૂંટણી માટે લવાયેલા દારૂનો મોટો જથ્થો ભરેલી ટ્રક પકડાઈ

**અડાલજ-ઝુંડાલ રોડ પરથી મોડી રાત્રે અડાલજ પોલીસે ટ્રક પકડી : પ્લાસ્ટીકના દાણાની આડમાં દારૂનો જથ્થો લવાઈ રહ્યો હતો : રૂ. ૨૨.૩૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૭

ચુંટણીમાં દારૂની રેલમછેલ કરવા કરોડો રૂપિયાના દારૂની હેરાફેરી થવા લાગી છે અને મહાનગરપાલિકાની ચૂંટણી વખતે અમદાવાદ સહિતના વિસ્તારોમાં સંખ્યાબધ દારૂ-બિયરનો જથ્થો ઠલવાયો પણ હતો. જો કે હવેની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચુંટણી માટે લઈ જવાતો દારૂ-બિયરના જથ્થા પૈકી ગઈ મોડી રાત્રે એક ટ્રક તો પોલીસે પકડી પાડી છે. અડાલજ પોલીસે મોડી રાત્રે રૂ. ૨૨.૩૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ શરુ કરી દીધી છે. પ્લાસ્ટીકનાં દાણાની આડમાં દારૂનો જથ્થો સંતાડીને લવાઈ રહ્યો હતો.

અડાલજ પી.આઈ. કે.કે. પંડયા તથા તેમની ટીમે બાતમીના આધારે અડાલજ-ઝુંડાલ રોડ પર વોચ ગોઠવીને મોડી રાત્રે વિદેશી દારૂ-બિયરનો મસ મોટો જથ્થો ભરેલી ટ્રક પકડી પાડી હતી. ચુંટણી માટે લાવવામાં આવી રહેલી દારૂ-બિયર ભરેલી ટ્રક પકડીને પોલીસે અંદર તપાસ કરી તો ૧૪,૧૧૨ નંગ વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીનનો જથ્થો પડયો હતો તે ઉપરાંત પ્લાસ્ટીકના દાણાની ૩૨૦ થેલીઓ મળી આવી હતી.

અડાલજ પોલીસે દારૂ-બિયર, પ્લાસ્ટીકના દાણા, ટ્રક અને બે શખ્સો પાસેથી મળેલી રોકડ તથા મોબાઈલ મળી રૂ. ૨૨,૩૪,૬૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. ટ્રકમાં દારૂની હેરાફેરી કરી રહેલા હરીયાણાના ભવાનીગઢ વિસ્તારના મનોજ શિવકુમાર રાજપુત તથા બંસી ઉર્ફે રાજુ સુરજભાણ રાજપુત બંને શખ્સની ધરપકડ કરી લીધી છે જયારે આ ગુનામાં સંદિપ જાંટ નામનો શખ્સ વોન્ટેડ છે. પોલીસે ગુનો નોંધીને આરોપીઓનું ઈન્ટ્રોગેશન શરુ કરી દારૂ કયાંથી લવાતો હતો અને કયાં લઈ જવાતો હતો તે સહિતની તપાસ આરંભી છે.

# અમદાવાદ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે આગામી તા. ૬ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે મહાત્મા ગાંધીશ્રમ સંસ્થાન, ડ્રાઈવઈન રોડ, અમદાવાદ ખાતે ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ બેઠકમાં દલિત કવિતા, બીજી બેઠકમાં દલિત નવલકથા, ત્રીજી બેઠકમાં દલિત વાર્તા, ચોથી બેઠકમાં દલિત આત્મકથા અને પાંચમી બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ વિષે વિચાર વિમર્શનો સમાવેશ કરાયો છે. પરિસંવાદમાં સવારે ૯.૩૦ કલાકે રજીસ્ટ્રેશન ત્યારબાદ સવારે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન ઉદ્‌ઘાટન બેઠક યોજાશે. જેનું ઉદ્‌ઘાટન સમાજિક ન્યાય અને અધિકારિતાના મંત્રી રમણલાલ વોરા કરશે. મુખ્ય મહેમાનપદે પિનાકિન દવે, અતિથિવિશેષ તરીકે ચિનુભાઈ મોદી, ડૉ. કેશુભાઈ દેસાઈ, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે. ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન પ્રવીણ શ્રીમાળી કરશે તથા પરિસંવાદના સમાપનનો કાર્યક્રમ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન કરવામાં આવશે. જેમાં ડૉ. બાબાસાહેબની જન્મ જયંતી મહોત્સવ : ગુજરાતી દલિત સાહિત્યની પ્રસ્તુત કરાશે. અધ્યક્ષપદે ચંદુ મહેરિયા અને અતિથિવિશેષ ડૉ. ધીરજ વણકર, ડૉ. હર્ષદ પરમાર હાજર રહેશે. પ્રથમ બેઠકનું સંચાલન ધીરજ વણકર, બીજીનું નટુભાઈ પરમાર, ત્રીજુંનું સાહિલ પરમાર, ચોથીનું દિલીપભાઈ ચાવડા, પાંચમીનું રમણ વાઘેલા કરશે. કાર્યક્રમનુંસંચાલન રાઘવજી માધડ દ્વારા કરવામાં આવશે. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર મનોજ ઓઝા નિવૃત્ત આઈ.એ.એસ. પ્રવીણ ગઢવી, ગુજરાત અતિપછાત જાતિ વિકાસના મેનેજીંગ ડિરેક્ટર પી.બી. શ્રીમાળી ઉપસ્થિત રહેશે.


## ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર - ૩૮૨૦૨૩. ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

### ટેન્ડર નોટીસ - વાર્ષિક ધોરણે કોન્ટ્રાક્ટ આપવાના છે

ઉપરોક્ત સહકારી સંસ્થા માટે નીચે પત્રકમાં જણાવ્યા મુજબના તા. ૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીના એક વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવાના છે. રસ ધરાવતા ઈસમ / પાર્ટીઓએ નીચે પત્રકમાં જણાવેલ તારીખોએ, ટેન્ડર ફોર્મ, ટેન્ડર ફોર્મ ફી (નોન-રીફન્ડેબલ) રોકડેથી ઉક્ત સંસ્થાની હિસાબી શાખામાં ભરી, રૂબરૂમાં કચેરી સમય દરમિયાન મેળવી લેવાના રહેશે અને ભરેલ સીલબંધ ટેન્ડર ફોર્મ, નીચે પત્રમાં જણાવ્યા મુજબ ટેન્ડર ડિપોઝીટનો 'ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.'ના નામનો ક્રોસ ડી.ડી. (રીફન્ડેબલ) સાથે નીચે પત્રકમાં જણાવેલ તારીખ અને સમય સુધીમાં અત્રેની સંસ્થામાં રૂબરૂમાં પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ મોડા આવેલા ટેન્ડર ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહિ. ભરેલા ટેન્ડર ફોર્મનાં સીલબંધ કવર ઉપર જે તે ટેન્ડરના નામની વિગત અચૂક જણાવવી. આવેલ ટેન્ડર / ઓફર / ભાવ સ્વીકારવો કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંદ ડિરેક્ટરશ્રીનો રહેશે.

| અ.નું | ટેન્ડરની વિગત | વાહનની સંખ્યા | વાહનનો પ્રકાર | વાહનનું મોડેલ વર્ષ | ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ) | ટેન્ડર ડિપોઝીટ (રીફંડેબલ) રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧. | દાણ પરિવહન માટેનો કોન્ટ્રાક્ટ | ૦૧ | ટાટા/૧૨૧૦/એલ.પી. (૧૦ ટન કેપેસીટી) | વર્ષ-૨૦૦૫ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૨ | દૂધ (પ્રોક્યોરમેન્ટ) પરિવહન | ૨૧ | ટાટા/આયશર-૪૦૭/૬૦૮/૭૦૯ | વર્ષ-૨૦૦૯ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૩ | ગાંધીનગર ગ્રામ્ય દૂધ (વિતરણ)<br>ચાંદખેડા, મોટેરા ગ્રામ્ય વિસ્તાર | ૦૮<br>૦૧ | ૪૦૭/૬૦૮/૭૦૯<br>લોડીંગ ટેમ્પો | વર્ષ-૨૦૦૯ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૪ | ગાંધીનગ શહેર દૂધ (વિતરણ) | ૦૧ | ૬૦૮/૭૦૯ | વર્ષ-૨૦૦૯ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૫ | મધુરની તમામ બનાવટો (વિતરણ) ગ્રામ્ય / શહેર રૂટ | ૦૩<br>૦૪ | લોડીંગ વ્હીકલ<br>૪૦૦/૪૫૦ ક્રેટોની કેપેસીટી લોડીંગ વ્હીકલ | વર્ષ-૨૦૦૯ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૬ | વેટરનરી/માર્કેટીંગ/પ્રોક્યોરમેન્ટ પરિવહન રૂટનો કોન્ટ્રાક્ટ | ૧૮ | મહિન્દ્રા/બોલેરો/તવેરા /ઈનોવા (બંધ બોડી) | વર્ષ-૨૦૧૦ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૭ | મિલ્ક ટેન્કર | ૦૩ | ટેન્કર (૫ થી ૨૦ હજાર લીટરની કેપેસીટી) | વર્ષ-૨૦૦૯ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૮ | મિલ્ક ટેન્કર (રાજસ્થાનથી દૂધ લાવવા) | ૦૩ | ટેન્કર (૫ થી ૨૦ હજાર લીટરની કેપેસીટી) | વર્ષ-૨૦૦૯ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર) | રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |

નોંધ : (૧) ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય : તા. ૩૦-૧૧-૨૦૧૫ થી તા. ૯-૧૨-૨૦૧૫ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધી
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પહોંચાડવાની તારીખ અને સમય : તા. ૧૦-૧૨-૨૦૧૫ના રોજ સાંજના ૧૭-૦૦ કલાક સુધી
(3) ટેન્ડર ડીપોઝીટની રકમ ડી.ડી. થી જમા કરાવવાની રહેશે. અન્યથા ટેન્ડર રદ ગણાશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી